- માનનીય અધ્યક્ષશ્રી,

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતના વિભાગની અંદાજપત્ર પરની પુરક માંગણીઓની ચર્ચા અન્વયે મારા વિચાર રજુ કરવાની તક મળી છે. તે બદલ માનનીય અધ્યક્ષશ્રી આપનો અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ આદરણીય મંત્રીગણ તેમજ સન્માનીય ગૃહનો આભાર માનું છું.

- માનનીય અધ્યક્ષશ્રી,

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત વિભાગનો મુખ્ય ઉદેશ્ય ગરીબ લોકો માટે અન્ન સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. ગુજરાત રાજ્યમાં પાત્રતા ધરાવતા પરિવારોને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સરકારની સબસિડી દ્વારા ઘટાડેલા દરે અનાજ અને અન્ય વસ્તુઓનો લઘુતમ ટેકાના ભાવ (MRP) અનાજનો સંગ્રહ અને વિતરણ પણ આ વિભાગ સુનિશ્ચિત કરે છે.

* માનનીય અધ્યક્ષશ્રી,

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY) ભારત સરકાર દ્વારા કોવિડ-૧૯ ની મહામારીને કારણે સમગ્ર દેશમાં કોઈ વ્યક્તિને ભૂખ્યું ન રહેવું પડે અને જરૂરિયાત મંદને પુરતું ભોજન મળી રહે તે માટે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૨૩(NFSA) હેઠળ સમાવિષ્ટ દેશની **૮૦ કરોડથી** વધુ જન સંખ્યાને વિનામૂલ્યે અનાજ પૂરું પાડવા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાને (PMGKAY) એપ્રિલ-૨૦૨૦ માં જાહેર કરવામાં આવેલી હતી. (PMGKAY) સમગ્ર વિશ્વની સૌથી મોટી ખાદ્ય સુરક્ષા યોજના છે.

* માનનીય અધ્યક્ષશ્રી,

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો (NFSA) અંતર્ગત રાજ્યના જરૂરિયાતમંદ લોકોને અન્ન સુરક્ષા પૂરી પડવાના ઉદેશથી રાજ્ય સરકાર દ્વારા એપ્રિલ-૨૦૧૬ થી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાની અમલદારી કરવામાં આવેલ છે. હાલની સ્થિતિએ ગુજરાત રાજ્યના **૭૨ લાખ** કુટુંબની **૩.૫૫ કરોડ** જન સંખ્યાને NFSA હેઠળ આવરી લેવામાં આવેલ છે.

• માનનીય અધ્યક્ષશ્રી,

**NFSA(NATION FOOD SECURITY ACT)** હેઠળ ૨ પ્રકારના કુટુંબોને આવરી લેવાયા છે.

૧) અંત્યોદય અન્ન યોજના (AAY)

૨) અગ્રતા ધરાવતા (PPH – PRIORITY HOUSE HOLD) જાન્યુઆરી ૨૦૨૩ થી ડીસેમ્બર ૨૦૨૩ સુધી વિનામૂલ્યે અનાજ વિતરણ કરવા ઠરાવેલ તે મુજબ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા મુદતમાં વધારો કરી ફરીથી ૫ વર્ષ સુધી એટલે કે ડીસેમ્બર ૨૦૨૫ સુધી વિનામૂલ્યે અનાજ વિતરણ કરવાનું આયોજન કરેલ છે.

૧) અંત્યોદય અન્ન યોજના (AAY)— કાર્ડ દીઠ ૩૫KG/MONTH અનાજ

૨) અગ્રતા ધરાવતા કુટુંબો (PPH – PRIORITY HOUSE HOLD) – 5KG/PERSON

• માનનીય અધ્યક્ષશ્રી,

તા.૦૨/૦૯/૨૦૨૩ થી આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના માર્ગદર્શન હેઠળ વ્યાજબી ભાવની દુકાનદારને **૨૦,૦૦૦/-** રકમ મળે તેવું આયોજન કરેલ છે. સાથે સાથે તે પણ ધ્યાન રાખ્યું કે જે દુકાનદાર પાસે **<300 NFSA** ગ્રાહક તેમને ઘટતી રકમ રાજ્ય સરકાર ચૂકવશે તેવો અતિહાસિક નિર્ણય લીધેલ છે. જેનો અંદાજીત ખર્ચ **૧૦૦ લાખ**

- માનનીય અધ્યક્ષશ્રી,

ભારત સરકાર તરફથી મળતી ઘઉં – ચોખા ની ફાળવણી માં ફેરફાર થતા ચોખાનું વિતરણ હાલ વધારવામાં આવેલ છે. ઘઉંના આપેક્ષમાં ચોખાની સબસીડી વધુ હોઈ વધુ ખર્ચ થાય છે.

ઉપરાંત સરકાર દ્વારા વિતરણ માટે

- INTER STATE MOVEMENT
- HANDLING COAST
- FAIR PRICE SHOPE DEALER MARGIN
- EFPS ને લીધે **૧૮૧ Rs/ક્વિન્ટલ** દરમાં વધારો કરવામાં આવેલ છે. આ કારણોથી આ યોજના માટે **૨૨૫.૪૩ કરોડનો** વધારો કરવામાં આવેલ છે.

**EFPS**

વ્યાજબી ભાવની દુકાન સંચાલકો કોમ્પુટર લેપટોપ ફિંગરપ્રિન્ટ ઉપકરણો વસાવી કાર્ડ ધારકની ફિંગરપ્રિન્ટ મેળવી વિતરણ કરવામાં આવે છે. **અંગુઠા દ્વારા ઓળખ, મોબાઇલ પર OTP, આધારકાર્ડ આધારિત વિતરણ વ્યવસ્થા**

**PORTABILITY**

ONE NATION ONE CARD કોઈપણ ગામ કે શહેરની વ્યાજબી ભાવની દુકાન માંથી ઓળખ પ્રમાણિત કરી અનાજ મેળવી શકે છે.

જાન્યુઆરી ૨૦૨૩ – નવેમ્બર ૨૦૨૩

રાજ્યના જિલ્લાઓમાં **૨૨,૨૩,૯૧૬** જેટલા રેશનકાર્ડ

બીજા રાજ્યના **૧,૦૨,૮૭૧** ગ્રાહકો

**LAST ONE YEAR**

MY RATION MOBILE APP UPDATES પારદર્શિતા

૧૪/૦૩/૨૦૨૩ ના ઠરાવ અન્ન નાગરિક પુરવઠા વિભાગ દ્વારા NFSA હેઠળ PHH ની આવક મર્યાદા **૧૦,૦૦૦** થી વધારીને **૧૫,૦૦૦** કરેલ છે. વધુ ૩૫ લાખ લાભાર્થીયો વધારીયા.

**CASE OF LIVING** હેઠળ રેશનકાર્ડને સંબંધિત સેવાઓનો **BUSINESS PROCESS RE-ENGINEERING** કરીને સદનીકરણ કરેલ છે.